# નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી પાલનપુર

જોરાવર પેલેસ કમ્પાઉન્ડ, પાલનપુર, જિ.બનાસકાંઠા પીન નં.૩૮૫૦૦૧
ફોન નં.૦૨૭૪૨-૨૫૭૩૩૫ E-mail :- Po-ban@gujarat.gov.in

નં.એમએજી/અશાંતધારો/પરવાનગી/એસ.આર.નં.૧૪૧૩થી૧૪૧૮/૨૬ તા. /૦૯/૨૦૨૬

**વિષય** :- ગુજરાત અશાંત વિસ્તાર મિલ્કત તબદિલ અધિનિયમ-૧૯૯૧ હેઠળપૂર્વ મંજુરી આપવા બાબત

વંચાણે લીધા :-

(૧) અરજદારશ્રીઓની તા.૧૭/૦૯/૨૦૨૬ ની અરજી

(૨)ગુજરાત અશાંત વિસ્તાર સ્થાવર મિલકત તબદીલી અધિનિયમ -૧૯૯૧ તથા સુધારા અધિનિયમ - ૨૦૦૯.

(૩)સરકારશ્રીના મહેસુલ વિભાગ ગાંધીનગરના NOTIFICATION NO: GHM /2023/ M/ 254/ RD/ DAA/ e-file/ 15/2023/ 13592/ H.1 (Stamps), તા.૨૧/૧૦/૨૦૨૩ તથા NOTIFICATION NO: GHM/ 2025/ M/ 19/ RD/ DAA/ efile/ 15/ 2023/ 13592/ H.1 (Stamps), તા.૧૦/૦૩/૨૦૨૫

(૪) સરકારશ્રીના મહેસુલ વિભાગ ગાંધીનગરના NOTIFICATION NO: GHM/ 2023/ M/ 255/ RD/ DAA/ e-file/ 15/ 2023/ 13592/ H.1 (Stamps), તા.૨૧/૧૦/૨૦૨૩ તથા NOTIFICATION NO: GHM/ 2025/ M/ 20/ RD/ DAA/ efile/ 15/ 2023/ 13592/ H.1 (Stamps), તા.૧૦/૦૩/૨૦૨૫

હુકમ:-

વંચાણે લીધા-૧ ની અરજીથી અરજદારશ્રીઓએ વંચાણે લીધા-૩ ના સરકારશ્રીના નોટીફીકેશનથી જાહેર કરાયેલ અશાંત વિસ્તારમા સમાવિષ્ટ થયેલ સ્થાવર મિલ્કત નીચે જણાવેલ તબદીલીથી લેનારને તબદીલ કરવા માટે અશાંતધારાની કલમ-૫(૧) નીચે અત્રેની પૂર્વ મંજુરી માંગેલ છે.

સબબ, આમુખ-૪થી અત્રેને મળેલ અધિકારોની રૂએ અશાંત વિસ્તારમા સમાવિષ્ટ થયેલ નીચે જણાવેલ સ્થાવર મિલ્કત તબદીલ કરવા માટે આ અધિનિયમની જોગવાઇઓના હેતુ પુરતી નીચેની શરતોને આધિન પૂર્વ મંજુરી આપવા આથી હુકમ કરવામાં આવે છે.

| અ.નં | એસ.આર.નં. | આપનારનું નામ | લેનારનુ નામ | પ્રકાર | તબદીલી થનાર સ્થાવર મિલ્કતનુ વર્ણન | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | શીટ નં | સર્વે નં/ સી.સ.નં | સ્થાવર મિલ્કતનુ વર્ણન |
| ૧ | ૧૪૧૩ | પ્રજાપતિ પશીબેન કાંતીલાલ વિ. | આશિષકુમાર નંદલાલ જોષી વિ. | વેચાણ | – | ૨૫૩ + ૨૬૮+૨૬૭ પૈકી | પ્લોટ નં.૩ થી ૭ પૈકી દુકાન નં.૩ ક્ષે. ૧૫.૫૧ ચો.મી તથા દુકાન નં.૪ ક્ષે. ૧૫.૫૧ ચો.મી |
| ૨ | ૧૪૧૪ | એસ.ટી વિભાગના પ્રતિનિધી એન.એચ.ઉપાધ્યાય | અજબારામ ગોગારામ રેબારી | ભાડા કરાર | – | નવો ૩૨૭૦ | બ્લોક-બી,યુનિટ-૩, ગ્રાઉન્ડ ફ્લોર,દુકાન નં.૩ ક્ષે. ૨૮.૪૧ ચો.મી |
| ૩ | ૧૪૧૫ | જુબેદાબેન અમીરમોહંમદ સિંધી | રેશ્માબાનુ નઇમખાન સિંધી | વેચાણ | ૪૩ | સી.સ.નં. ૭૨૬૩ | ક્ષે. ૩૪.૫૬ ચો.મી |
| ૪ | ૧૪૧૬ | વૈષ્ણવી ઇન્ફ્રાબીલ્ડ એલએલપીના ભાગીદાર રાહુલકુમાર કાન્તિલાલ પટેલ વિ. | નંદા કાન્તિ મકવાણા | વેચાણ | – | સ.નં. ૫૪/૧/પી ૧ પી ૨ | પ્લોટ નં.૮૨ થી ૮૫ ફોર્થ ફ્લોર ફ્લેટ નં. ડી-૪૦૩ ક્ષે. ૪૧.૩૬ ચો.મી |
| ૫ | ૧૪૧૭ | પટેલ (ગામી) શંકરભાઇ ગંગારામભાઇ વિ. | કશિશ મુકેશકુમાર પઢિયાર | વેચાણ | – | ૧૩૦૮/૧+૨ પૈકી | પ્લોટ નં. ૩૮,૩૯ ક્ષે. ૧૮૫.૩૨ ચો.મી |
| ૬ | ૧૪૧૮ | જગદીશ કેવળજી સોની | વોરા દિપિકા રાજેશ | વેચાણ | – | સ.નં.૫૦૩/૧ પૈકી ૨ | પ્લોટ નં.૨, શ્યામવીલા રેસીડેન્સી વિભાગ - બી ફોર્થ ફ્લોર ફ્લેટ નં.બી-૪૦૬ ક્ષે. ૭૨.૪૨૬ ચો.મી |

શરતો :-

(૧) અશાંતધારાની જોગવાઈ અનુસાર અત્રેથી ફક્ત તબદીલી આપનાર તથા લેનારની મુક્ત સંમતિની ચકાસણી કરેલ છે. આ મંજુરીથી સ્થાવર મિલકતના ટાઈટલ કે અન્ય કોઈપણ પ્રકારના હક્કો મળતા નથી.

(૨) આ મંજુરી ફક્ત ગુજરાત અશાંત વિસ્તારમાં તબદીલ અધિનિયમ - ૧૯૯૧ અન્વયે તબદીલી આપનાર તથા લેનારની સંમતિ અન્વયે આપવામાં આવે છે.

(૩) અરજદારે અન્ય પ્રવર્તમાન કાયદાઓ અન્વયે લેવાની થતી મંજુરીઓ અલગથી લેવાની રહેશે.

(૪) સદર મિલકત અંગે સ્ટેમ્પ ડયુટી વસુલાત અંગે સબંધિત સક્ષમ અધિકારીશ્રીએ નિયમોનુસાર સ્ટેમ્પ ડયુટી વસુલ લેવાની રહેશે.

(૫) સદરહું મિલકત અંગે ન્યાયની કોઈ પણ કોર્ટમાં કેસ ચાલતા હોવા અંગેની ભાડુઆતોના હક્કો અંગેની હકીકત છુપાવેલી હશે તો મંજુરી આપોઆપ રદ ગણાશે.

(૬) આ હુકમથી કોઈ સરકારી / સરકારનું હિત ધરાવતી મિલકતની તબદીલી થયેલ હશે તો આ હુકમ આપોઆપ રદ થશે.

(૭) આ હુકમ આર.ટી.એસ./ સી.ટી.એસ. કેસોમાં પુરાવા તરીકે માન્ય ગણાશે નહીં.

(૮) ભાડુઆત વાળી મિલકત તબદીલી થયેલ હોવાનું જણાશે તો સદર પરવાનગી આપોઆપ રદબાતલ ગણાશે.

(૯) પ્રવર્તમાન જંત્રીથી ઓછી કિંમતનો દસ્તાવેજ થઈ શકશે નહીં.

(૧૦) શેર સર્ટીફીકેટ/ એલોટમેન્ટ લેટરથી તબદીલ થયેલ/ થતી મિલકત પર સરકારશ્રીના પ્રવર્તમાન પરિપત્ર મુજબ સ્ટેમ્પ ડયુટી વસુલ લેવાની રહેશે.

(૧૧) સદરહુ મંજુરી ૯૦ દિવસ સુધી અમલમાં રહેશે.

(ડો.ડી.એ.ભારાઇ)
સબડીવીઝનલ મેજીસ્ટ્રેટ
પાલનપુર

Signature Not Verified
Signed by : BHARAI DIPAL AMRABHAI
Deputy Collector
Palanpur Prant Office
Date : 2026.09.23 14:49:04 IST

File No: POPLN/ASS/e-file/3146/2026/1533/Aarthik Sahay
Approved By: Deputy Collector,General,POPLN

Open the document in Adobe Acrobat DC to verify the E-sign

નકલ રવાના :-

(૧) સબ રજીસ્ટ્રારશ્રી પાલનપુર તરફ

(૨) એન આઈ સી તરફવેબસાઈટ પર હુકમ અપલોડ કરવા સારૂ

(3) સિલેકટ ફાઈલે

(૪) તબદીલી આપનાર/લેનાર તરફ

Signature Not Verified
Signed by : BHARAI DIPAL AMRABHAI
Deputy Collector
Palanpur Prant Office
Date : 2026.09.23 14:49:04 IST